INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૨૭-૧૧-૨૦૨૫</u>**

રાજ્યમાં કથળતી મહિલા સલામતી અને સુરક્ષા અંગે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા અમદાવાદ શહેર કોંગ્રેસ અધ્યક્ષશ્રી સોનલ પટેલએ જણાવ્યું હતું કે થરાદમાં સ્થાનિક મહિલાઓની રજૂઆત હતી કે ડ્રગ્સ અને દારૂ વેચાય છે.આખું ગુજરાત જોવે છે કે ઊડતા પંજાબની જેમ ઊડતું ગુજરાત બન્યું છે લોકો અત્યાર સુધી ચુપ હતા પણ હવે આક્રોશ પરાકાષ્ટાએ વધ્યો છે. ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે, ઓર્ડર આપો તો ઘરે દારૂ મળે છે. ડ્રગ્સનું દુષણ વધુ પ્રવેશ્યું છે, યુવાન વર્ગ ડ્રગ્સના રવાડે ચડ્યા છે. **<u>૨૯ નવેમ્બરના રોજ અમદાવાદમાં ડ્રગ્સ અને દારૂના વેપલા વિરૂધ્ધમાં મહિલા કોંગ્રેસ રેલી યોજી વિરોધ કરશે.</u>** મહિલા કોંગ્રેસ કમિશનરને આવેદન પત્ર આપી જનતા રેડ પણ પાડશે. ગુજરાતએ ગાંધીજીના મુલ્યો અને વિચારોએ હંમેશા વરેલું રહ્યું છે. મહાત્મા ગાંધીજીની દારૂબંધીની હાકલને પગલે ગુજરાતમાં નશાખોરીને નાથવા સ્થાપના કાળથી જ તત્કાલીન સરકારએ કડક કાયદાકીય જોગવાઈઓ કરી હતી. ગુજરાતમાં દારૂ-ડ્રગ્સની બદીને લીધે યુવાનોને નશાખોરીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. ગુજરાત દારૂ-ડ્રગ્સનું પ્રવેશ દ્વારા તો બન્યું જ છે પરંતુ હવે નશાખોરીનું એપી સેન્ટર બની રહ્યું છે તે અત્યંત ચિંતાજનક બાબત છે.ગુજરાત દરરોજ ક્યાંકથી લાખો રૂપિયાના ડ્રગ્સ, ચરસ કે ગાંજો પકડાયા હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે. ગુજરાતમાં કરોડો રૂપિયાના ડ્રગ્સનો કારોબાર અને હેરાફેરી બેરોકટોક થઇ રહ્યો છે. પુ.મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે છતાં પણ સરળતાથી દારૂ મળી જાય છે. જેટલો દારૂનો જથ્થો પકડાય છે તેના કરતાં સો ઘણી ઘૂસણખોરી થાય છે. રાજ્યમાં દારૂ પકડાવવો એ સામાન્ય બાબત થઇ ગઇ છે. હવે ગુજરાતનો દરિયો કિનારો અને મેટ્રો સિટીમાં ચરસ, ડ્રગ્સ અને ગાંજા જેવા નશીલા પદાર્થોનું ચલણ વધ્યું છે. સામાન્ય બાબત બની રહી છે

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી ગીતાબેન પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, દારૂ અને ડ્રગ્સને કારણે ગુજરાતની બહેન દીકરીઓ વિધવા થાય છે, યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. ત્યારે જન આક્રોશ યાત્રા દરમિયાન થરાદ જીલ્લાનાં શિવપુર ગામનાં સ્થાનિક મહિલાઓ દ્વારા ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રી અમિત ચાવડાને રજૂઆત કરવામાં આવી. શ્રી અમિત ચાવડાજીની સુચનાથી થરાદમાં વડગામના ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ સ્થાનિક પોલીસ મથકએ રજૂઆત કરી હતી. શિવપુર ગામની શાળાની બાજુમાં જ ખુલ્લે આમ દારૂ-ડ્રગ્સનું સેવન થાય. મહિલાઓની વારંવાર રજૂઆત બાદ પણ કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. તંત્ર પાસે જવાબ માંગવાને બદલે ભાજપ સરકાર બુટલેગરોને બચાવવા-સાચવવા વકીલાત કરી રહી હોય તેમ લાગે છેન શ્રી જીગ્નેશ મેવાનીએ સમગ્ર ગુજરાતમાં યુવાઓ માટે વાત કરી છે. પટ્ટા ઉતારવાની વાત ભાજપના ધારાસભ્યશ્રી હીરા સોલંકીએ કહ્યું હતું ત્યારે કેમ આક્રોશ કરવાનું યાદ ન આવ્યું? પોલીસ રાજકીય હાથો બની રહ્યો છે. હિંમતનગરમાં કોંગ્રેસની રેલીમાં પોલીસે વિરોધ કર્યો, જેમાં પોલીસ પરિવારના નામે મોટા ભાગની ભાજપની મહિલાઓ હતી. સ્કૂલ મંદિરની આજુબાજુ જ્યાં જુઓ ત્યાં દારૂ જુગારના અડ્ડા ધમધમી રહ્યા છે. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી ૧૬૦૦૦કરોડનું ડ્રગ્સ પકડવામાં આવ્યું. રાજ્યમાં ૧૦ વખત ડ્રગ્સ ઘુસાડવામાં આવે છે અને એક વખત પકડવામાં આવે છે. ગલ્લા ઉપરથી કોલેજના સ્ટુડન્ટને ડ્રગ્સ મળી રહે છે. આગામી દિવસોમાં ગુજરાતમાં મહિલા કોંગ્રેસ દારૂના અડ્ડા પર મહિલા રેડ કરશે. છેલ્લાં ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપનું એકહથ્થુ શાસન છે. ગુજરાતમાં દારૂ-ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડ્યું છે. 'ઉડતા ગુજરાત' એ ભાજપની 'ગીફ્ટ' છે. બેફામ દારૂ-ડ્રગ્સની નશાખોરીને પગલે મહિલા પર અત્યાચારોની ઘટનાઓમાં મોટાપાયે વધારો થયો છે. પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કીલો ડ્રગ્સ, ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૩૧૬૩ ડ્રગ્સ પીલ્સ-ઈન્જેક્શન પકડાયા હતા. વર્ષ ૨૦૨૦-૨૪ એમ ચાર વર્ષમાં ૧૬૦૦૦ કરોડ પકડાયાના ૧૯ કિસ્સાઓ બન્યા છે પરંતુ તેમાં એક પણ વ્યક્તિને સજા થઈ નથી જે ગંભીર બાબત છે. કોંગ્રેસ પક્ષ તમામ ઈમાનદાર-નિષ્ઠાવાન-કાર્યક્ષમ પોલીસ કર્મીઓને હંમેશા બિરદાવે-સલામ કરે છે. સાથે સાથે લાંચિયા-હપ્તાખોરો-ભ્રષ્ટ મળતિયાઓ-વહીવટદારોને ખુલ્લા પાડવાની જનલક્ષી કામગીરી કરતો રહે છે. હિલા સુરક્ષા અને દારૂબંધીની કડક અમલવારી માટે દારૂબંધી- નશાબંધીનાં કાયદાનું સાચી રીતે કડકપણે અમલ કરવામાં આવે. નશાનો બેરોકટોક વેપલો બંધ કરવામાં આવે અને ગુજરાતનાં ભવિષ્ય એવા યુવાધનને બચાવવામાં તેની કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

પત્રકાર પરિષદમાં અમદાવાદ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી ઝીલબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ